# ગાંધીનગર : 'કહ્યાનું' બાથરૂમ ખરૂ ગટર ગાયબ !!

સેન્સસ ૨૦૧૧ના આંકડાઓ અનુસાર અગાઉના લેખોમાં આપણે ગુજરાત અને ગાંધીનગર ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વસતા પરિવારોના ઘરમાં સ્નાનગૃહ (બાથરૂમ)ની સ્થિતિ અંગે વિગતે નોંધ લીધી હતી. જેમ પરિવારના ઘરમાં શૌચાલય જરૂરી છે તેવી જ રીતે બાથરૂમ પણ જરૂરી છે એ મુખ્ય બાબત સાથે આંકડાઓના વિશ્લેષણ સાથે ગાંધીનગરની યથાતથ માહિતી આંકડાના આધારે જોઈ હતી. આજે આપણે જે પરિવારો પાસે કાચા-પાકા, દિવાલ સહિત કે દિવાલ-છત રહીત બાથરૂમ છે, બાથરૂમ એટલે કામચલાઉ આડશ સાથેની વ્યવસ્થા છે, એવા તમામ પ્રકારના ઉપયોગમાં લેવાતા 'બાથરૂમ'માં ગંદા પાણીના નિકાલની વિગત જોઈએ.

ગાંધીનગરમાં નગર વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારના

ગણતરીમાં ગાંધીનગર

પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની

**શહેરી ગાંધીનગરમાં દર ચાર પરિવારે એક પરિવારને ગટરલાઈનની અસુવિધા**

કુલ ૨.૮૭ લાખ ઘર પરિવારોમાંથી ૫૪ ટકા પરિવારો એવા છે કે જેમના ઘરમાં 'કહેવાતુ બાથરૂમ' તો છે પણ પાણી નિકાલ માટે ગટરલાઈન જ નથી. એટલે આંકડાઓ એમ દર્શાવે છે કે પાટનગર તરીકે ઓળખ પામેલા ગાંધીનગરમાં દર બીજા પરિવારે બાથરૂમમાંથી ગંદા પાણીના નિકાલ માટેની ગટર વ્યવસ્થા જ નથી. કુલ ૨.૮૭ લાખ પરિવારોમાંથી આવા પરિવારોની સંખ્યા ૧.૫૬ લાખથી વધુ છે. ગાંધીનગરના અડધો અડધ ઘર પરિવારોના સ્નાનગૃહ કાચી કે પાકી કોઈ ગટર સુવિધા સાથે જોડાયેલા જ નથી. એક ગાંધીનગરા તરીકે આ વાત તમને અચરજભરી લાગે પણ આંકડાઓની સચ્ચાઈ ખરેખર આવી છે એ સ્વીકારવું જ રહ્યું.

જો આપણે ગાંધીનગરના શહેરી અને ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારોની વિગતો જોઈએ તો બહુ સ્વાભાવિક છે કે દુઃખદ સ્થિતિ ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારની જ છે. ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારના કુલ ૧.૬૦ લાખથી વધુ પરિવારો પૈકી ૧.૨૩ લાખ પરિવારોના બાથરૂમને પાકી ગટર વ્યવસ્થા જ જોડી શકાયા નથી. ટકાવારીની દષ્ટિએ જો આપણે જોઈએ તો તેની ટકાવારી ૭૮ ટકા થાય છે. એટલે કે ગ્રામીણ ગાંધીનગરના દર ચાર પરિવારે ત્રણ પરિવારમાં બાથરૂમમાં ગંદા પાણીના નિકાલ માટે ગટર લાઈન ગેરહાજર છે. અલબત્ત ગ્રામીણ ગુજરાતની સરખામણીએ ગાંધીનગર ગ્રામ્યની સ્થિતિ ટકાવારીની દષ્ટિએ થોડી સારી છે. ગ્રામીણ ગુજરાતમાં ગટર સુવિધા બિનાના ઘર બાથરૂમની ટકાવારી ૮૨ ટકા છે.

જેમ આપણે ગ્રામીણ વિસ્તારના સેન્સસના આંકડાઓ જોયા તેમ જો નગરીકરણ પામેલા ગાંધીનગર શહેરી વિસ્તારના આંકડાઓમાં દષ્ટિ નાંખીએ તો કુલ ૧.૨૬ લાખ શહેરી પરિવારો પૈકી ૩૨ હજાર પરિવારોના ઘરમાં આવેલા બાથરૂમના ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થાનું અસ્તિત્વ જ નથી. જો કે ટકાવારીની દષ્ટિએ તેની ટકાવારી ગ્રામ્ય વિસ્તાર કરતાં ત્રીજા ભાગની એટલે કે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ગરમીનો પારો ૧ ડિગ્રી વધ્યો : તાપમાન ૪૧.૪ ડીગ્રી

**રજાના દિવસે ગરમીનુ પ્રમાણ પણ વધતા શહેરના જનજીવનમાં સુનકાર બે દિવસમાં મહત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી ઉંચકાયુ**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં ગરમીનો પારો ધીમે ધીમે ફરી ઉપર ચઢતા આજે મહત્તમ તાપમાન સતત બીજા દિવસે પણ એક ડીગ્રી વધ્યુ હતુ. જેના લીધે ગરમી ૪૧.૪ ડીગ્રી પહોંચી જતા નગરજનોએ દિવસે અંગ દઝાડતી ગરમી અનુભવી હતી. રજાના દિવસે ગરમીની મોસમમાં નિખાર આવતા નગરના જનજીવન પર વિશેષ અસર વર્તાઈ હતી.

શહેરમાં ગત બે ચાર દિવસોમાં ગરમીનો મિજાજ હળવો થતા નગરજનોએ રાહત અનુભવી હતી. અંગારા વરસાવતી ગરમીનુ જોર હળવા નાટયાત્મક પલ્ટાના લીધે ઓછુ થયુ હતુ. જેના લીધે બે દિવસ અગાઉ ગરમીનો પારો ૩૮ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો. સતત ૪૦ ડીગ્રી ઉપર રહેતી ગરમીમાં ચાર થી પાંચ ડીગ્રીનો ઘટાડો આવતા વાદળિયા

● અનુસંધાન પાન-૭ પર



# સમરથ કો નહિ દોષ ગુસાંઈ... નિદાન કસોટીના નાટકની ભીતરી વાતોથી બાળક, વાલી અને શિક્ષણપ્રેમીઓ અટવાયા

ગાંધીનગર, તા. ૧૨

''સમરથ કો નહિ દોષ ગુસાંઈ'' દોહાની આ પંક્તિને શિક્ષણ વિભાગે યથાર્થ ઠેરવી છે. સત્રાંત પૂર્ણ થવાના દિવસો હતો એ દિવસોમાં ધો. ૨ની નિદાન કસોટી યોજવાની જાહેરાત કરી.

આ નિદાન કસોટી યોજાઈ પણ ખરી પરંતુ તેનુ પરિણામ હજુ સુધી જાહેર નથી થયુ. આ નિદાન કસોટીના પરિણામ આધારિત ઉપચારાત્મક વર્ગોનું વેકેશનમાં આયોજનની વાત વિસરાઈ ગઈ અને વેકેશન પડી ગયુ.

ગાંધીનગર સહિત ઘણા બધા જિલ્લાઓમાં નિદાન કસોટીના બાહ્ય મૂલ્યાંકન માટે નવી પરંપરાઓ બાળકોના શૈક્ષણિક સ્તર અને વિકાસને મૂલ્યાંકન માટે અપનાવાઈ પરંતુ મજાની વાત એ છે કે મૂલ્યાંકનની ડેટા એન્ટ્રી કરવાની બાબત ક્યાંક કોમ્પ્યુટરમાં અટવાઈ ગઈ અને ફાઈલ શોધવા હવે ગુગલમાં સર્ચ મારવુ પડે તેવી નોબત આવી ગઈ.

હજુ તો આ નિર્ણયની ચરમસીમા એ છે કે જે બાળકો નિદાન કસોટીમાં ગેરહાજર રહ્યા તેવા બાળકોનું મૂલ્યાંકન ધો. ૩ અને ધો. ૪ના શિક્ષકોએ મૂલ્યાંકન કરી અને તેની જાણ તંત્રને કરવાની રહેશે. જો આજ કરવાનુ હતુ તો બાહ્ય મૂલ્યાંકન માટેનો નિર્ણય શું કામ લેવાયો ?

હવે દરેક શાળાના પરિણામો ઘોષિત થઈ ગયા છે વેકેશન પડી ગયુ છે અને નવા શૈક્ષણિક સત્રારંભની તૈયારીઓ ચાલી રહી છે. સત્રારંભે યોજાતા પ્રવેશોત્સવના કાર્યક્રમો થશે એટલે તંત્રની વ્યસ્તતા વધી જશે.

હશે ભાઈ ''સમરથ કો નહિ દોષ ગુંસાઈ'' બાળકની પિડાને કોણ સમજશે કોણ સુલઝાવશે એ તો સમય કહેશે આપણે તો ગુણાત્મક સુધારનું બ્યુગલ બરાબર બજવુ જોઈએ એટલુ જ નહિ તંત્ર આર.ટી.ઈ.ના એડમિશનોમાં વ્યસ્ત છે ફી નિર્ધારણ સમિતિની ભલામણો અને અમલીકરણની મોટી વાતો વચ્ચે વાલી પિસાઈ રહ્યો છે. જોઈએ હવે સાચા અર્થમાં મૂલ્યાંકન ક્યારે થશે તંત્રનું મૂલ્યાંકન કરવાનો સમય આવી પહોંચ્યો છે. ફાઈલોના ઝડપી નિકાલની વાતો કાગળ પર નહિ પણ વાસ્તવિક બનાવીએ અને અસરકારક નીતિઓના અમલ માટે સૌ આગ્રહી બને.

# શહેરમાં જાહેર જગ્યાએ ચોપાનિયા ચિપકાવનારાઓને દંડ

**જાહેર જગ્યાએ ચોપાનિયા ચિપકાવતી ૨૬ સંસ્થાઓ પાસેથી ૨.૭૦ લાખનો દંડ વસુલાશે : નગરમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા, બસસ્ટેન્ડ, અને દિવાલો સહીતના સ્થળો પર જાહેરાત માટે ચોપાનિયા લગાવતી સંસ્થાઓને નોટીસના અંતે દંડનીય કાર્યવાહી**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના જાહેરમાર્ગો સહીત વિવિધ જાહેર સ્થળો તેમજ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ લાંબા સમયથી જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. જેના લીધે શહેરની સુંદરતાને ઠેસ પહોંચતી હોવા ઉપરાંત સરકારી જાહેર મિલ્કતનો પણ દુર ઉપયોગ થતો હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરને આ સ્થિતિમાંથી બહાર લાવવા માટે કોર્પોરેશન દ્વારા આ પ્રકારે જાહેર જગ્યાએ ઠેર ઠેર ચોપાનિયા ચોંટાડતી સંસ્થાઓને નોટીસ આપવામાં આવી હતી જયારે પ્રથમ તબક્કાની આ કાર્યવાહીના અંતે ૨૬ જેટલી સંસ્થાઓ પાસેથી રૂ ૨.૭૦ લાખનો દંડ વસુલવા માટે પણ નોટીસ આપી દેવાઈ છે.

શહેરના જાહેરમાર્ગો તેમજ સ્ટ્રીટ લાઈટના પોલ્સ સહીત બસ સ્ટેન્ડ સહીતની જાહેર જગ્યાએ ચોપાનિયા ચોંટાડીને વેપાર ધંધાની જાહેરાત કરનારાઓને દંડ કરવા સુધીના આકરા પગલા લેવાનુ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં ગમે ત્યાં ચોપાનિયા ચોંટાડીને સરકારી મિલ્કતને ગંદી કરતી સંસ્થાઓને અગાઉ કોર્પોરેશનના તંત્ર દ્વારા નોટીસ આપીને આ પ્રકારના ચોંપાનિયા બેનર્સ પેમ્ફલેટ સહીતના સ્ટીકર્સ પણ દુર કરવા માટે સુચના આપવામાં આવી હતી. આ દરમિયાન નગરના જાહેર સ્થળો પરથી ઘણાંખરા બેનર્સ તેમજ ચોપાનિયા દુર કરવા માટે જાહેરાતકર્તાઓની ટીમ કામે પણ લાગી હતી. રાત્રિ દરમિયાન પણ સેકટરોમાં ટયુશન વર્ગના સંચાલકો પોતાના ચોપાનિયા દુર કરવા માટે કામે લાગ્યા હોવાનુ પણ જોવા મળ્યુ હતુ. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી નજર પડે ત્યાં બેનર્સ લટકેલા જોવા મળે છે. જયારે જાહેરમાર્ગોની એકબાજુએ હોર્ડીંગ્સ પણ લગાવી દેવામાં આવે છે. સરકારી કાર્યક્રમોના હોર્ડીંગ્સ લાંબા સમય સુધી સ્થળ પર જોવા મળતા હોય છે. પરંતુ બીજીતરફ ખાનગી વેપાર ધંધાની જાહેરાત માટે પણ ટયુશન કલાસીસના સંચાલકો તેમજ સ્કુલ સંચાલકો પણ પોતાના ધંધાની જાહેરાત માટે

● અનુસંધાન પાન-૭ પર




# જાહેર ખુલાસો / ચેતવણી

આથી અમો પટેલ મહેન્દ્રકુમાર નારણભાઈ મોતાભાઈ રહે. મુ.પો. વાવોલ (તરપોજ) તા.જી. ગાંધીનગર, ઉંમર - પુખ્ત વયના આ સાથે જાહેર ખુલાસો / ચેતવણી આપીએ છીએ કે, અમારે ફક્ત બેજ વારસદારો છે. જેમાં (૧) પટેલ રેખાબેન મહેન્દ્રકુમાર (પત્નિ) તથા (૨) પટેલ ભૂમિ મહેન્દ્ર (પુત્રી) છે. આ સિવાય અમારે અન્ય કોઈ વારસદાર નથી.

આ સાથે જણાવવાનું કે, અમારી મોજે ગામ આલમપુર, તા.જી. ગાંધીનગર ખાતે જુનો બ્લોક સર્વે નં. ૩૦૩ હતો જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૯૧-૦૫ હતું તેનો નવો બ્લોક સર્વે નંબર ૨૩૧ છે. જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૮૪-૬૧ છે. તથા બ્લોક સર્વે નંબર ૧૬૨ કે જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૪૩-૫૦ હતું જેનો જુનો ખાતા નંબર ૬ હતા. જે બી.એસ.એફ.માં એક્વાયર થયેલ છે. જેનું ચૂકવણું આજદિન સુધી થયેલ નથી. આ બંને સર્વે નંબર તથા મોજે ગામ વાવોલ ખાતે આવેલ અમારો સર્વે નંબર ૫૨૪/૧, કે જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૨૨-૨૫ છે. આ તમામ (જુની શરતની) મિલક્ત અમારી સંયુક્ત માલિકીની વણવહેંચાયેલ છે.

તો આ બાબતે જણાવવાનું કે, આ વણવહેચાયેલ મિલકતો હાલમાં અમારી જાણ મુજબ વેચાણ માટે પ્રયત્ન થઈ રહ્યો છે.

જે બાબતે જણાવવાનું કે, નવો સર્વે નંબર ૨૩૧ કે જે અગાઉ જુનો સર્વે નંબર ૩૦૩ હતો. તેની અમારી જાણ બહાર અગાઉ વર્તમાન પત્રમાં જાહેર નોટીસ આપવામાં આવેલ હતી. જેની જે તે વખતે કોઈ લખાણ કે નાણાંકીય લેવડ-દેવડ થઈ હોય તો તેની સાથે અમારે કોઈ જ લેવા-દેવા નથી.

અમો આ સાથે એ પણ ખુલાસો કરીએ છીએ કે, અમોએ ભૂતકાળમાં કે વર્તમાનમાં કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને કોઈપણ પ્રકારની લેખિત કે મૌખિક પાવરઓફ એટર્ની કે અન્ય કોઈ જ ઓથોરીટી આપેલ નથી અને ભવિષ્યમાં પણ અમો આપવાના નથી.

આ બાબતે સ્પષ્ટ જણાવવાનું કે આ ઉપરોક્ત લખેલ તમામ મિલક્તો અને તે સિવાયની અન્ય મિલકતો કે જે અહીંયા લખાયેલ નથી તેવી તમામ વણવહેંચાયેલી સંયુક્ત માલિકીની મિલક્તોની જ્યાં સુધી ખૂંટના વર્ણન સહિત વહેંચણી ના થાય ત્યાં સુધી કોઈપણ ઈસમ / ઈસમોએ આ મિલક્તો બાબતે કરેલ નાણાં વ્યવહાર કે અન્ય વ્યવહાર સાથે અમારે કોઈ જ લેવા-દેવા રહેશે નહિ અને જો કોઈ નાણાકીય વ્યવહાર કરશે તો તેના નાણાં ડૂબશે.

આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, કોઈપણ વ્યક્તિ / વ્યક્તિઓ અમોને કે અમારા વારસદારોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આર્થિક કે અન્ય કોઈપણ પ્રકારનું નુકસાન થાય તેવું કોઈપણ પ્રકારનું કાર્ય કોઈપણ પ્રકારની લાગણી, દબાણ, વશમાં કે કોઈપણ પ્રકારના લોભ કે લાલચમાં આવીને કરવું નહિ તેમજ કરાવવું નહિ. જો કોઈ વ્યક્તિ / વ્યક્તિઓ (ચાહે પુરુષ હોય કે સ્ત્રી) અમોને કે અમારા વારસદારોને કોઈપણ પ્રકારનું પ્રત્યક્ષ કે પરોક્ષ આર્થિક કે અન્ય નુકસાન કરશે અને કોઈ ગેરકાયદેસર કૃત્ય કરશે તો જેલની હવા ખાવાનો વારો આવશે. તેઓની સામે દિવાની તેમજ ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે. અને આવા વ્યક્તિઓ પાસેથી આ ખુલાસો / ચેતવણી આપવામાં પડેલ ખર્ચ સહિત, સમય, શક્તિ અને નાણાં, માનસિક ત્રાસ, શાખ તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતું નુકસાન તથા અન્ય નામદાર કોર્ટ જે યોગ્ય ઠેરવે તે તમામ પ્રકારનું વળતર વસુલવામાં આવશે.

જરૂર જણાયે આવા ઈસમ / ઈસમોને પ્રેસ મિડીયામાં ખુલ્લા પાડવામાં આવશે અને તેના માટે તે / તેઓશ્રી પોતે જવાબદાર લેખાશે જેની ગંભીરતાપૂર્વક નોંધ લેવી.

ઉપરોક્ત મિલક્તો બાબતે તલાટીશ્રીઓ, વકીલ મિત્રો, તેમજ સંલગ્ન અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અમોને પંચાયતો તરફથી આપવામાં આવતી નોટીસો કે અન્ય કોઈપણ પ્રકારના લખાણમાં અમારું તેમજ અમારા વારસદારોનું અંગુઠાનું નિશાન જ માન્ય ગણાશે.

આ ખુલાસો / ચેતવણી અમો અમારા કુટુંબીજનો (મો. કિ. પટેલના વારસદારો)ને અગાઉથી જાણ કરીને આપેલ છે.

લી.
મહેન્દ્રભાઈ નારણભાઈ પટેલ
મુ.પો. વાવોલ (તરપોજ)
તા.જી. ગાંધીનગર
મો. ૯૬૬૨૪૨૮૯૭૭


# અસંતુલિત વિકાસ અને વસ્તી વિસ્ફોટથી જિલ્લાના જાહેર આરોગ્ય સામે પડકારો

**ગાંધીનગર-કોબા માર્ગ પર થયેલા વિકાસને પગલે વસ્તીનું ભારણ એક લાખથી પણ વધી ગયુ : પ્રા.આ. કેન્દ્રોના રિસ્ટ્રક્ચરીંગની વાત તંત્ર સાંભળતુ નથી, કલેક્ટરે પાંચ મહિના પહેલા સૂચના આપી પણ વાત ફાઈલોમાં અટવાઈ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં અસંતુલિત વિકાસ અને વસ્તી વિસ્ફોટને લઈ જિલ્લાનું આરોગ્ય તંત્ર અવાક્ની સ્થિતિમાં છે. શું કરવુ તેને લઈ કેવી રીતે કઈ કવાયત કરવી તેની દ્વિધા અનુભવી રહ્યુ છે.

ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારોમાં જે રીતે વસ્તી વિસ્ફોટની સ્થિતિ જોવા મળી રહી છે તેને પગલે જિલ્લાના આરોગ્ય કેન્દ્રોનું રિસ્ટ્રક્ચરીંગ કરવુ જરૂરી બન્યુ છે. આ રિસ્ટ્રક્ચરીંગ કરવાની વાત માટેના અનુભવી અધિકારીઓની પણ અછત છે તો બીજી બાજુ યોજનાઓના અમલીકરણ અને તેના પરિણામો માટે સતત રાજ્યકક્ષાએથી થતા મોનીટરીંગને લઈ તંત્ર દ્વિધામાં છે.

ગાંધીનગર કોબા માર્ગના વિકાસને કારણે આ વિસ્તારમાં એક લાખથી વધુ વસ્તી થઈ જવા પામી છે. હવે ૩૦ હજારની વસ્તીએ એક પ્રા.આ. કેન્દ્ર હોવુ જોઈએ તો અહિ ત્રણ પી.એચ.સી. આ માર્ગ પર જરૂરી બને જો આ કાર્યવાહી કરવા જાય તો તંત્રને પણ મુશ્કેલી છે કે ખસેડવા ક્યાંથી અને કયા બંધ કરવા. આ માટે રાજકીય ઈચ્છાશક્તિ પણ પ્રબળ હોવી જરૂરી છે. બીજી તરફ જિલ્લામાં જે રીતે કુટુંબોની સંખ્યા વધી તે તેનુ સર્વેમાં પણ શહેરી વિસ્તારોના ઘણા ભાગોને છોડી દેવા પડ્યા છે કારણ કે આ માટે પુરતો સ્ટાફ ઉપલબ્ધ નથી. જિલ્લામાં જમીન રિસર્વેની કામગીરી પૂર્ણ થઈ નથી અને ક્યાં કેટલી જગ્યા ઉપલબ્ધ છે તેની જાણકારી પણ તંત્ર પાસે ઉપલબ્ધ નથી.

એક ચોંકાવનારી હકીકત પ્રમાણે જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો માટે નીમ થયેલી જમીનો કેટલી તેની વિગતોમાં તંત્ર અટવાયેલુ છે. દવાખાનાઓ બનાવાયા છે પણ જમીનનું મૂળ નામ કોઈક બીજુ જ રેકર્ડ પર ચાલે છે.

એનાથી પણ વધુ ચોંકાવનારી ઘટનાઓ તંત્રમાં ધરબાયેલી પડી છે પણ તંત્રને જુના પોપડા ઉખેડવા નથી એટલુ જ નહિ જે ચાલે છે તેનુ સારૂ સંચાલન કરવા માટેનો પણ પુરતો સમય અધિકારીઓ ફાળવી શકે તેમ નથી. આરોગ્ય તંત્ર પાસે પણ પુરતો સ્ટાફ પણ ઉપલબ્ધ નથી.

જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના રિસ્ટ્રક્ચરીંગ માટેની દરખાસ્તો તૈયાર કરવા જિલ્લા કલેકટરે પાંચ મહિના પહેલાં સૂચના આપી હતી પરંતુ કાર્યભારણમાં કલેક્ટર ભૂલી ગયા કે તંત્ર ભૂલી ગયુ તે વાત વિસરાઈ ગઈ અને ફાઈલ અભેરાઈએ પડીએ ગઈ.

● અનુસંધાન પાન-૭ પર

## વડોદરા રેલ્વે સ્ટેશન પર ટ્રેનમાં બોમ્બની અફવાથી દોડધામ મચી

વડોદરા રેલવે સ્ટેશન પર અમદાવાદ જમ્મુતાવી ટ્રેનમાં બોમ્બની હોવાની અફવાથી રેલવે પોલીસમાં દોડધામ મચી હતી. ટ્રેનની અંદર સીટ નંબર બી ફોર કોચના ૬૫ અને ૬૭ સીટ નીચે બોમ્બની હોવાની માહિતી મળી હતી. અજાણ્યો મુસાફર બોમ્બ લઈને મુસાફરી કરી રહ્યો હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ એલસીબી, આરપીએફને જાણ થતા ટ્રેન વડોદરા પહોંચતા ચેકિંગ હાથ ધર્યુ હતુ. જો કે કંઈ વાંધાજનક ન મળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com